

# મૂળાક્ષરો


































| | | | | |
|---|---|---|---|---|
| ર | વ | શ | ક્ષ | લ |
| બ | ળ | ય | મ | હ |
| સ | ભ | ય | ષ | જ્ઞ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| અ | આ | ઇ | ઈ | ઉ | ઊ | ઋ |
| ૠ | એ | ઐ | ઓ | ઔ | અં | અઃ |

# ❋ કદમ–૧ ❋


બસ

જગ

નળ


કપ

પગ

વડ

હળ

થડ

બરફ

મગર

બતક

લસણ

ઈસ

અજગર

હરણ

હળદર

| | | | |
|---|---|---|---|
| કપ | પગ | વડ | થડ |
| ઈસ | બસ | બરફ | હરણ |
| બતક | જગ | નળ | મગર |
| અજગર | હળ | લસણ | હળદર |

બી.જી.કાલિયા, વીર શહીદ ડી.ડી.ચૌહાણ ટીકર(પરમાર) પે સેન્ટર, તા.મુળી,જિ.સુરેન્દ્રનગર


## કદમ—૧

| | | | | | |
|---|---|---|---|---|---|
| કપ | ખલ | ગજ | ઘર | ચલ | છત |
| જગ | ઝટ | ટપ | ઠગ | ડગ | ઢગ |
| મણ | તલ | થડ | દમ | ધમ | નર |
| પગ | ફર | બસ | ભસ | મગ | યસ |
| રસ | લપ | વન | ષટ | શણ | સમ |
| હળ | નળ | ક્ષર | યજ્ઞ | | |

| | | | |
|---|---|---|---|
| મગર | બતક | બરફ | પરબ |
| પકડ | અટક | ચરક | ધવલ |
| હરણ | ખડક | લસણ | જમણ |
| રતન | રમત | લખતર | હળવદ |
| ખટપટ | નટખટ | બરછટ | કરવત |

| | |
|---|---|
| કનક નમન કર. | દશરથ કસરત કર. |
| રમણ ખમણ જમ. | નમન મગ જમ. |
| અકબર વડ પર ચડ. | ગરમ ગરમ જમ. |
| શરદ શરબત કર. | અમન બસ પર ચડ. |
| ઝલક બરફ ઘસ. | નયન ઝટ પટ લખ. |

## મૂળાક્ષરો




| | | | | | |
|---|---|---|---|---|---|
| પ | ણ | ત | દ | થ | ફ |
| ભ | ઘ | ઢ | ખ | ક | ડ |
| છ | ઝ | જ | ચ | ઠ | ઘ |

## પુનરાવર્તન:– કદમ ૧ થી ૧૧

### મને ગમતો તહેવાર: દિવાળી

આસો મહિનાની અમાસે દિવાળી ઉજવવામાં આવે છે. તહેવારના થોડા દિવસ અગાઉ લોકો પોતાના મકાનોને નવા રંગોથી રંગે છે. ઘરનાં આંગણે રંગોની અને ફૂલોની રંગોળી કરવામાં આવે છે. દરવાજા પર આસોપાલવનાં તોરણ બાંધવામાં આવે છે. લોકો નવાં કપડાંની ખરીદી કરે છે.નવી નવી મિઠાઈની વાનગીઓ બનાવવામાં આવે છે. દિવાળીનાં દિવસે લોકો પોતાના ઘરોને દિવાની મદદથી શણગારે છે. નાના બાળકો ફટાકડા ફોડી આનંદ કરે છે.

દિવાળીનાં બીજા દિવસે બેસતુ વર્ષ ઉજવવામાં આવે છે. લોકો એકબીજાનાં ઘેર જઈ પોતાનાં સગાસબંધી સાથે નવા વર્ષનાં રામ રામ કરે છે.

મને દિવાળીનો તહેવાર ખૂબ ગમે છે.

*હેપી દિપાવલી……*

## ❁ કદમ–૨ ❁


નાક


કાન


ગાય


ધજા


ગાજર


દાડમ


કાતર


કબાટ


વાદળ


તલવાર



રાજા


માળા


પાપડ


અનાનસ


વટાણા


તારા

| | | | |
|---|---|---|---|
| રાજા | તારા | કબાટ | વાદળ |
| માળા | કાન | વટાણા | ગાજર |
| પાપડ | ગાય | તલવાર | અનાનસ |
| નાક | દાડમ | ધજા | કાતર |

## કદમ–૨

| | | | | | |
|---|---|---|---|---|---|
| વાર | સાદ | રાસ | દાન | જાન | ખાર |
| માર | જાર | રામ | નાગ | ફાલ | કાન |
| ભાલ | વાલ | જ્ઞાન | વાલ | ઢાલ | ધાન |

| | | | | | |
|---|---|---|---|---|---|
| જટા | સજા | કલા | રમા | મજા | ક્ષમા |
| તારા | દાદા | રાજા | માસા | પાટા | ચાચા |
| ધાણા | શાળા | ઝાલા | માળા | કાળા | નારા |

| | | | | |
|---|---|---|---|---|
| ચાદર | ભારત | ટાવર | કાતર | દાદર |
| ટપાલ | મસાલ | મકાન | કપાસ | કલાઈ |
| મકાઈ | નારદ | વાનર | સાબર | કાદવ |

| | |
|---|---|
| લતા મકાન ચણ. | નઝમા સાઈકલ ચલાવ. |
| ધારા ગાજર ખા. | પાયલ દાળ ભાત ખા. |
| સરલા તારા ગણ. | કાદર કાગળ ફાડ. |
| રચના મમરા ખા. | રક્ષા લાડવા ખા. |
| સલમા કાન સાફ કર. | રાધા મણકા ગણ. |
| દક્ષા મરચા ભર. | કાબર ચણવા આવ. |

## કદમ–૧૧


ઔષધ


ગૌશાળા


પૌવા



ચૌદ

| | | | | |
|---|---|---|---|---|
| મૌન | ચૌદ | ગૌણ | ફૌન | સૌર |
| નૌકા | ટૌકા | ચૌલા | પૌવા | ગૌરી |

| | | | | |
|---|---|---|---|---|
| ગૌતમ | કૌરવ | મૌલિક | કૌશિક | સૌરવ |
| મૌખિક | ચૌધરી | ગૌશાળા | મૌલવી | ઔરત |

| |
|---|
| અમારા ગામમાં ગૌશાળા છે. |
| ગૌશાળા ખૂબ મોટી છે. |
| ગૌશાળામાં ઘણી બધી ગાયો છે. |
| ગૌરવ, કૌશલ ગૌશાળામાં જાય છે. |
| ગોવાળ ગાયોને દોહી દૂધ કેનમાં ભરે છે. |
| ગૌરી ગાય સૌથી વધુ દૂધ આપે છે. |
| દૂધમાંથી દહીં,માખણ,છાશ બને છે. |
| માખણમાંથી ઘી બને છે. ઘી માંથી લાડુ બને છે. |
| છોટાભીમને લાડુ બહુ ભાવે છે. |

બળવંતભાઈ જી.કાલિયા (મ.શિ), ટીકર(પરમાર) પે સેન્ટર, તા.મુળી જિ.સુરેન્દ્રનગર

# કદમ–૧૦

| | | | | | |
|---|---|---|---|---|---|
| કોટ | ખોલ | તોપ | ચોક | નોટ | ગોળ |
| મોજ | પોષ | ચોર | ડોલ | ઢોલ | થોર |
| લોટી | ઝોળી | હોળી | લોભી | સોટી | ટોળી |
| ડંકો | છોડ | લોટ | ધોધ | મોક્ષ | હોઠ |

| | | | | |
|---|---|---|---|---|
| નોકર | જોકર | તોરણ | ચોરસ | ધોરણ |
| ફોરમ | હોટલ | બપોર | ખટારો | મોગરો |
| કુતરો | લખોટી | રોકેટ | ઓઢણી | બારોટ |

| | | | |
|---|---|---|---|
| કોથમીર | નોકરાણી | સોમવાર | ભાદરવો |
| રાજકોટ | ચબુતરો | ચકડોળ | વંટોળિયો |

| | |
|---|---|
| કોમલને ચોકલેટ ભાવે છે. | મોક્ષ ફૂટબોલ રમે છે. |
| પોપટ રામ નામ બોલે છે. | રહેમાન તિજોરી ખોલે છે. |
| મોર રૂપાળુ પક્ષી છે. | ગોમતી ઓટલો વાળે છે. |
| મોબાઈલમાં ગીતો વાગે છે. | ભારત મારો દેશ છે. |
| છોકરા ખો ખો રમે છે. | છોટાભીમને લાડુ ભાવે છે. |

બળવંતભાઈ જી.કાલિયા (મ.શિ) ટીકર(પરમાર) પે સેન્ટર, તા.મુળી જિ.સુરેન્દ્રનગર

# ❋ કદમ–૩ ❋


કેળા


બેટ


ખારેક


ફેણ


ખેતર


એરણ


સેવ


વેલણ


ટેબલ


કેરમ


ઢેલ


ગણેશ


વેલ


પેન


મેદાન


મહેલ

| | | | |
|---|---|---|---|
| પેન | ઢેલ | બેટ | એરણ |
| મેદાન | વેલ | ફેણ | સેવ |
| કેળા | મહેલ | ખારેક | ટેબલ |
| ગણેશ | ખેતર | વેલણ | કેરમ |

## કદમ–૩

| | | | | | |
|---|---|---|---|---|---|
| કેદ | તેજ | પેન | એક | તેલ | મેષ |
| મેના | સેવા | કેળા | ખેડા | દેવા | રેખા |
| રેશા | ચેલા | નેવા | નેતા | બેલા | વેરા |

| | | | | |
|---|---|---|---|---|
| કેસર | ખેતર | ચેતન | સેજલ | જેસલ |
| દેવલ | કરેણ | જયેશ | એરણ | અજેય |
| શેવાળ | કેદાર | મહેષ | મેવાડ | લેશન |

| | | | |
|---|---|---|---|
| પરદેશ | ગણવેશ | મહાદેવ | તહેવાર |
| શેષનાગ | તેડાગર | દેવાલય | મહેમાન |

| | |
|---|---|
| રમા લેશન કરે છે. | આભે તારા ચમકે છે. |
| કેતન કેરમ રમે છે. | કાજલ રમત રમાડે છે. |
| લતાને કેળા ભાવે છે. | મહેમાન ઘેર આવે છે. |
| અજયને તાવ આવે છે. | બહેન ચા બનાવે છે. |
| અક્ષય ઝાડ પર ચડે છે. | ઝાડ પર વરસાદ વરસે છે. |

## કદમ–૧૦


મોર


પોપટ


કાગડો


બગલો


કોબીજ


રોટલી


કૂકડો


તોપ


લખોટી


રોડ


ફોન


જોકર


હોલો


ખિસકોલી


ઘોડો


ડાયનાસોર

| | | | |
|---|---|---|---|
| તોપ | મોર | પોપટ | કોબીજ |
| ફોન | ડાયનાસોર | હોલો | ખિસકોલી |
| રોટલી | કાગડો | ઘોડો | રોડ |
| લખોટી | જોકર | કૂકડો | બગલો |

## પુનરાવર્તનઃ– કદમ ૧ થી ૯

◈ ઉનાળામાં તરબૂચ, ટેટી અને કેરી ખાવા મળે છે.

◈ બસમાં બેસી ટિકિટ લેવી જરૂરી છે.

◈ ઉમેશ કાલે ગાડીમાં બેસી જૂનાગઢ જશે.

◈ કૈલાશને ટેપમાં ગીત સાંભળવા ખૂબ ગમે છે.

◈ કુસુમ આજે ગણિતનું લેશન લાવી નથી.

◈ નિતિનનાં ફૂઆને રમકડાની દૂકાન છે.

◈ ગામનાં ચબૂતરે ચકલાં, કાબર, કબૂતર આવે છે.

◈ મારી વાડીમાં રીંગણ, દૂધી, મરચાં ઉગે છે.

◈ મધમાખી ફૂલડે ફૂલડે ફરી મધ ભેગું કરે છે.

◈ અમે અગિયાર વાગે નિશાળે જઈએ છીએ.

◈ તળાવનાં ઊંડા પાંણીમાં દેડકાં, માછલી, કાચબા રહે છે.

◈ વૈદિકને બરફી, ગુલાબજાંબુ અને લાડુ બહુ ભાવે છે.

◈ કિરણબેને કીધું, ‘કાલે શાળામાં રવિવારની રજા છે.’

◈ અરૂણ દિવાળીની રજામાં આબુ અંબાજી ફરવા જશે.

◈ બગીચામાં ગુલાબ, કરેણ, સુરજમુખીનાં છોડ ઉગેલા છે.

◈ સુથાર લાકડામાંથી ખુરશી, ટેબલ, બારી–બારણાં બનાવે છે.

## ❋ કદમ–૪ ❋


વિમાન


જિરાફ


દિવાલ


ઘડિયાળ


શિયાળ


સિંહ


રિક્ષા



મિઠાઈ



ટિકિટ


દાળિયા


હિંચકા


શિવ


ગિટાર


દિવા


નિશાળ


પતંગિયા

| | | | |
|---|---|---|---|
| દિવાલ | જિરાફ | ટિકિટ | નિશાળ |
| મિઠાઈ | દિવા | ઘડિયાળ | શિયાળ |
| સિંહ | રિક્ષા | શિવ | દાળિયા |
| ગટાર | વિમાન | હિંચકા | પતંગિયા |

## કદમ–૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| દિલ | મિલ | બિલ | નિત | ખિલ | ઈસ |
| ગતિ | કપિ | પરિ | શનિ | રવિ | જતિ |
| શિવ | મિત | રાઈ | નિર | બિના | ચિત |
| દિપા | પિતા | દિશા | જાતિ | જ્ઞાતિ | રિક્ષા |

| | | | | |
|---|---|---|---|---|
| ઈરાન | ઈશાન | ઈનામ | તિરાડ | ખિતાબ |
| ભજિયા | સરિતા | કવિતા | બિહાર | ટિકિટ |
| ધનિક | ગણિત | દિવસ | મનિષ | કપિલ |

| | | | |
|---|---|---|---|
| ગિરનાર | અગિયાર | મિતરાજ | શનિવાર |
| ઘડિયાળ | પરિવાર | ઈતિહાસ | જિનાલય |

| | |
|---|---|
| મનિષા કવિતા ગા. | મિરાજ ટિકિટ લાવ. |
| અનિતા સિતાર વગાડ. | રવિના દાળિયા ખા. |
| રવિ વિમાન ચલાવ. | દિપા ગિરનાર પર ચડ. |
| વિજય તિલક કર. | આસિફ સિતાફળ ખા. |
| વિનય નિશાળ જા. | બિના ઘડિયાળ બતાવ. |

## કદમ–૯


પૈસા


સૈનિક


ઐરાવત


ભૈયાજી

| | | | | |
|---|---|---|---|---|
| વૈદ | જૈન | પૈસા | મૈયા | ગૈયા |
| નૈયા | છૈયા | ભૈયા | મૈત્રી | ચૈત્ર |

| | | | | |
|---|---|---|---|---|
| કૈલાશ | વૈભવ | વૈશાખ | હૈદર | દૈનિક |
| શૈલેશ | સૈનિક | વૈતાળ | ગવૈયા | ભૈરવ |
| નૈતિક | તૈયાર | મૈયર | તૈનાત | વૈશાખ |

| | |
|---|---|
| વૈદ દવા આપે છે. | મૈત્રી પૈસા ગણે છે. |
| સૈનિક લડાઈ લડે છે. | ચૈત્ર પછી વૈશાખ આવે છે. |
| કૈલાશ પૈસા ગણે છે. | મને જૈન ભેળ ભાવે છે. |
| વૈભવ તૈયાર થાય છે. | ભૈયાજી પાણીપૂરી બનાવે છે. |
| કૈકઈ ભરતની માતા છે. | |

બળવંતભાઈ જી.કાલિયા (મ.શિ) ટીકર(પરમાર) પે સેન્ટર, તા.મુળી જિ.સુરેન્દ્રનગર

## કદમ–૫

| | | | | | |
|---|---|---|---|---|---|
| પરી | કડી | ગળી | નળી | ખરી | સળી |
| ગાડી | સાડી | દાસી | કાથી | માળી | લારી |
| ગીત | ખીર | ભીલ | ઢીલ | ગીધ | ખીજ |
| દીદી | ખીલી | દાઢી | મામી | માસી | વાડી |

| | | | | |
|---|---|---|---|---|
| ભાખરી | ઘાઘરી | હાજરી | ચારણી | માટલી |
| ખાટલી | ચામડી | લાકડી | બાજરી | કાતરી |
| બરફી | ઢગલી | ટપાલી | ભમરી | ચીબરી |

| | | | |
|---|---|---|---|
| સીતાફળ | માછીમાર | નવસારી | પિચકારી |
| લપસણી | ફરકડી | સરકારી | દીવાસળી |

| | |
|---|---|
| ગાડી ચાલી ગાડી ચાલી | નિરવ બારી ઉઘાડ. |
| મીના તારી ગાડી ચાલી | માવજી માટલી સાફ કર. |
| સીમા તારી ગાડી ચાલી | અનીલ સીડી પર ચડ. |
| નવી નવી ગાડી ચાલી | સલીમ બરફી ખા. |
| આડી અવળી ગાડી ચાલી | મીનાદીદી ખીર બનાવ. |

બળવંતભાઈ જી.કાલિયા (મ.શિ) ટીકર(પરમાર) પે સેન્ટર, તા.મુળી જિ.સુરેન્દ્રનગર

## ❁ કદમ–૮ ❁


દૂધ


બૂટ


તરબૂચ


દૂધી


ગલૂડીયું


મૂળા


દૂરબીન


ફૂલદાની


ઝૂંપડી


ફૂલાવર


જાસૂદ


કબૂતર


ખજૂર


પૂતળી


પાણીપૂરી


સૂરજ

| | | | |
|---|---|---|---|
| કબૂતર | ખજૂર | દૂધી | બૂટ |
| પૂતળી | સૂરજ | મૂળા | તરબૂચ |
| જાસૂદ | ફૂલાવર | ઝૂંપડી | દૂધ |
| દૂરબીન | ગલૂડીયું | ફૂલદાની | પાણીપૂરી |

## કદમ—૮

| | | | | | |
|---|---|---|---|---|---|
| ફૂલ | દૂત | મૂછ | ધૂન | મૂળ | જૂથ |
| કૂદ | જૂન | ગૂણ | દૂધ | ચૂલ | ઊન |

| | | | | |
|---|---|---|---|---|
| સૂરજ | પૂનમ | મૂરખ | પૂજન | મજૂર |
| કપૂર | અમૂલ | ચૂરણ | ખજૂર | ઝૂલણ |
| સૂપડી | જાસૂદ | પીપૂડી | સૂતળી | ઘૂઘરી |

| | | | |
|---|---|---|---|
| તરબૂચ | જમરૂખ | જૂનાગઢ | કબૂતર |
| ફૂલદાની | દૂધપાક | ખજૂરપાક | ફૂટપાથ |

| | |
|---|---|
| સુરજ ઉગે. | રામપૂર નામનું ગામ છે. |
| કૂકડા કૂકડે કૂક કરે. | ગામમાં એક તળાવ છે. |
| ગામ આખુ જાગી જાય. | તળાવનાં કાંઠે બહૂચરમાનું મંદિર છે. |
| મંદિરમાં પૂજા—આરતી થાય. | મંદિરનાં બગીચે જાસૂદનાં ફૂલ છે. |
| ખેડૂત ખેતરે જાય. | કૂવે બધાં પાંણી ભરે છે. |

| | |
|---|---|
| રામુ ફૂલ આપ. | પૂજારી ફૂલ વીણે છે. |
| રામુ ગુલાબી ફૂલ આપ. | દૂકાનમાં રંગબેરંગી ફૂલ છે. |
| પૂજા લીલું ફૂલ લાવ. | મને ફૂલની સુગંધ બહુ ગમે. |
| કેયુર પીળું ફૂલ વીણ. | ફૂલ વેણીમાં હોય છે. |

## કદમ—૫


ચકલી


ચાવી


ટીવી


માખી


નદી


બારી


સાણસી


ગરણી


હાથી


માછલી


રાખડી


કીટલી


છત્રી


કીડી


પાટી


રાણી

| | | | |
|---|---|---|---|
| હાથી | માખી | ટીવી | રાખડી |
| કીડી | ચાવી | કીટલી | સાણસી |
| માછલી | પાટી | ગરણી | બારી |
| ચકલી | રાણી | નદી | છત્રી |

## પુનરાવર્તનઃ– કદમ ૧ થી ૬

◈ નીચેનું ગીત વાંચો અને ગાઓ.

એક હતી શકરી
તેણે પાળી બકરી
શકરી ગઈ ફરવા
બકરી ગઈ ચરવા
ફરીને આવી શકરી
ભાળી નહીં બકરી
રડવા લાગી શકરી
ફરીને આવી બકરી
ચરીને આવી બકરી
શકરીએ ભાળી બકરી
હસવા લાગી શકરી
બકરી કહે, બેં...બેં..બેં
શકરી કહે, એં...એં..એં

## ❋ કદમ–૭ ❋


કુહાડી


ખુરશી


તાળુ


કુકર


ગુલાબ


ઘુવડ


તુરીયા


સાબુ


લાડુ


આદુ


ચીકુ


મુગટ


લીંબુ


ડુંગળી


સુપડી


સસલું

| | | | |
|---|---|---|---|
| સાબુ | લાડુ | તાળુ | આદુ |
| ચીકુ | લીંબુ | કુહાડી | ઘુવડ |
| સસલુ | કુકર | સુપડી | તુરીયા |
| ડુંગળી | ખુરશી | મુગટ | ગુલાબ |

## કદમ–૭

| | | | | | |
|---|---|---|---|---|---|
| મુખ | પુલ | બુટ | સુખ | શુભ | કુચ |
| કાજુ | રાજુ | ચાકુ | બાપુ | લાડુ | સાબુ |
| ફુવા | જાદુ | આદુ | તાળુ | ખાવુ | ગાવુ |


| | | | | |
|---|---|---|---|---|
| મુગટ | ઉપર | કુમાર | ગુલાબ | જુવાન |
| ખુમાન | દુકાળ | જુલાઈ | સુથાર | ઉપાડ |
| ચુરણ | મુરખ | સુરત | ગુલાલ | રૂપિયા |

| | | | |
|---|---|---|---|
| ગુજરાત | મુખવાસ | બહુચર | શરૂઆત |
| પુરાતન | બુધવાર | સુલતાન | બુમાબુમ |


| | |
|---|---|
| સુથાર લાકડું કાપે છે. | કુંભાર માટલા બનાવે છે. |
| રાજા મુગટ પહેરે છે. | તુલસી મુખવાસ ખાય છે. |
| ખુશી ગુલાલ ઉડાડે છે. | મધુને સુખડી ભાવે છે. |
| મયુર જાદુના ખેલ કરે છે. | કુમુદ મધુર ગીત ગાય છે. |
| મુકેશ રૂપિયા ઉડાડે છે. | નિકુલ પુજા કરે છે. |

## કદમ–૬


શંખ


પતંગ


પલંગ



સંત


ઉંદર


ખંજરી


મંજીરા


બંગડી


ઝાંઝરી


મંદિર

| | | | |
|---|---|---|---|
| રંગ | જંગ | અંગ | નંગ |
| સંગ | દંગ | તંગ | ચંગ |


| | | | |
|---|---|---|---|
| વંદન | કંગન | નંદન | કંચન |
| લંગર | મંતર | જંતર | પંદર |
| શંકર | ઉમંગ | ખંજન | અંદર |
| કંતાન | દંતાળ | બંગાળ | અંજાર |

| | |
|---|---|
| નંદન પતંગ ચગાવે છે. | સાપ ડંખ મારે છે. |
| કંચન બેલ વગાડે છે. | શંકર શંખ વગાડે છે. |
| મયંક પંદર ગણે છે. | કંચન વંદન કરે છે. |

બી.જી.કાલિયા ,મ.શિ. શ્રી ટીકર(પરમાર) પે સેન્ટર પ્રા.શાળા. તા–મુળી, જિ–સુરેન્દ્રનગર

## બાળગીત

# આવો મેઘરાજા...



આવો મેઘરાજા, વગડાવો વાજા

પીપ પીપ પીપ પીપ પોમ પોમ

પીપ પીપ પીપ પીપ પોમ પોમ

રેલમછેલ રેલમછેલ

નદી નાળા રેલમછેલ

છલ બલ છલ બલ છોમ છોમ

છલ બલ છલ બલ છોમ છોમ

આવો મેઘરાજા, વગડાવો વાજા





# મારી વાચનપોથી

બાળકનું નામઃ– ..................................................

ધોરણઃ– ...................

શાળાનું નામઃ